## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



કોરોના વહેલો આવી ગયો, ... નહીંતર બુલેટ ટ્રેન થઈ ગઈ હોત અને, એના માટે પાટે જલદી પહોંચી ગયા હોત...

# સેકટર-૨૧ પેટ્રોલ પંપ પાસે કારમાં આગ ભભુકી ઉઠી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પેટ્રોલ પંપ પાસે બપોરના સુમારે અચાનક એક કારમાંથી ધુમાડા નીકળતા હતા. ત્યારબાદ કાર ચાલકે કાર માર્ગની બાજુમાં ઉભી રાખતા જ કાર સળગી ઉઠી હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયરના જવાનોએ તાત્કાલીક પહોંચી જઈને આગ પર કાબુ મેળવી લીધો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે રહેતા તનવીર એમ વોરા પોતાની કાર નં.જી.જે.૧૮. એ.એમ.-૦૭૧૭ લઈને સીએનજી પુરાવા માટે સેકટર-૨૧ ખાતે બપોરના સુમારે ગયા હતા. તે સમયે ચાલુ કાર અચાનક બંધ થઈ ગઈ હતી. ત્યારબાદ કાર ચાલુ કરવા માટે પ્રયત્ન કરતા કારમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. જેથી કાર માલિકે કાર માર્ગની બાજુમાં લઈ ગયા હતા. ત્યાં સુધીમાં તો કાર આગની જવાળામાં આવી ગઈ હતી. કારમાં આગ લાગતા નાગરીકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. થોડા સમય માટે આ માર્ગ પર વાહન વ્યવહાર પણ અટકી ગયો હતો. સળગી રહેલી કારને પેટ્રોલ પંપના હાજર કર્મચારીઓએ એસ્ટીગ્યુઝર મારો ચલાવી આગ પર કાબુ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ આગ બુઝાઈ ન હતી. તેટલી ક્ષણોમાં તો ફાયરની ટીમ લઈને ફાયર ઓફિસર મહેશ મોડ આવી પહોંચ્યા હતા અને ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ કારનો આગળના ભાગનો હિસ્સો બળી જવા પામ્યો હતો.



## પવિત્ર રમજાનમાં રોજા

શહેરની સના મહંમદ ઘાંચી પ્લોટ નં. ૧૫૪૯/૨, સે. ૩-ડી ગાંધીનગર ખાતે રહે છે. ૧૨ વર્ષની સનાએ પવિત્ર રમજાન



મહિનામાં કપરી ગરમીમાં સંપૂર્ણ રોઝા રાખી નમાજ અદા કરી અલ્લાહની બંદગી કરી હતી. મુસ્લિમ બિરાદરોએ બિરદાવી હતી.

# કલોલના ઓળા ગામની સીમમાં જુગાર રમતા ૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઓળા ગામની સીમમાં એલસીબી પોલીસે દરોડો પાડીને જુગાર રમતા ૭ જુગારીઓને પકડી પાડ્યા છે. પોલીસે શકુનીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૨,૦૩૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં કલોલ વિસ્તારમાં એલસીબી પીએસઆઈ ડી. એસ. રાઓલ, એએસઆઈ ધર્મેન્દ્રસિંહ, અ.હે.કો. લતીફખાન, અનુપસિંહ, અ.પો.કો. રાજવીરસિંહ, વિજયસિંહ, અનોપસિંહ સહિતની ટીમ સક્રિય હતી. ત્યારે રાજવીરસિંહ અને વિજયસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે કલોલના ઓળા ગામની સીમમાં નારણભાઈ પટેલના બોરકુવાની બાજુમાં લીંમડાના ઝાડ નીચે ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ પાડતા જુગાર રમતા હિતેશ હરીભાઈ નાયક, સંજયભાઈ ભાનુપ્રસાદ નાયક, બંન્ને રહે. પાનસર તા.કલોલ, તુષારભાઈ સુખદેવભાઈ નાયક રહે.ગુજરાત હાઉસીંગબોર્ડ હાઈ વે માર્ગ કલોલ, આશિષ જયેશભાઈ નાયક રહે,ગ્રીનવેલી સોસા, પંચવટી કલોલ, આશિષ હસમુખભાઈ જયસ્વાલ રહે.પાનસર તા.કલોલ, જીજ્ઞેશ ઉર્ફે જગદીશ નવીનભાઈ પંડ્યા રહે.સોપાન-૨ ગાયત્રી મંદિર પાસે કલોલ, વસીમ અશરફખાન વોરા રહે. પાનસર તા.કલોલ ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગાર રમવાનુ સાહિત્ય અને રોકડ રૂ.૨૨,૦૩૦ કબ્જે કરી કલોલ તાલુકા પોલીસ મથકે જુગારધારા અને એપેડેમીક એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચાલકે કાબુ ગુમાવતા કાર ઝાડીઓમાં જતી રહી

શહેરના પહોંળા અને ચકાચક માર્ગો પર વાહનચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકરતા નજરે પડે છે. ત્યારે શહેરના સેકટર-૨૪-૨૭ કટ પાસે ગતરોજ સાંજના સુમારે અચાનક એક કાર ચાલકે કાબુ ગુમાવતા કાર ડીવાઈડર કુદીને વનવિભાગની ઝાડીઓમાં જતી રહી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જો કે આ બનાવમાં ખાસ કોઈને ઈજા પહોંચી નથી તેમ સ્થાનિક નાગરીકોમાં ચર્ચાતુ હતું.

# જિલ્લામાં મળવાપાત્ર અનાજના જથ્થાનું વિતરણ

**એપીએલ-૧, બીપીએલ, પીએચએચ અને અંત્યોદય યોજના હેઠળના ૧,૭૨,૩૦૬ રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર મે-૨૦૨૦ના અનાજનું વિતરણ**

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને મે-૨૦૨૦ના મળવાપાત્ર નિયમિત જથ્થાનું



એપીએલ-૧, બીપીએલ, પીએચએચ અને અંત્યોદય યોજના હેઠળ કુલ- ૧,૭૨,૩૦૬ વિતરણ સુચારું રીતે કરવામાં આવ્યું છે. જેમાં NON NFSA: APL-1 ના ૬૭, ૨૮૪, NON NFSA BPL ના ૩, ૬૮૬, NFSA PHH નાં ૯૨,૯૫૬ અને અંત્યોદયાનાં કુલ ૮, ૩૮૦ રેશનકાર્ડ ધારકોનો સમાવેશ થાય છે, તેવું જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે.

જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં NON NFSA : APL-1 નાં કુલ ૬૭૨૮૪ રેશનકાર્ડ ધારકોને જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં આ કાર્ડ ધારકોને ઘઉં ૬૭૨૮૪૦ કિ.ગ્રા, ચોખા ૨૦૧૮૫૨ કિ.ગ્રા, ખાંડ ૬૭૨૮૪ કિ.ગ્રા, મીઠું ૬૭૨૮૪ કિ.ગ્રા, ચણાદાળ/ ચણા : ૬૭૨૮૪ કિ.ગ્રા નું વિતરણ કરવામાં આવ્યું છે. NON NFSA BPLના કુલ ૩,૬૮૬ રેશનકાર્ડ ધારકોને જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમને ઘઉં ૧,૨૯,૦૧૦ કિ.ગ્રા,ચોખા ૫૫, ૨૯૦ કિ.ગ્રા, ખાંડ ૩,૬૮૬ કિ.ગ્રા, મીઠું ૩, ૬૮૬ કિ.ગ્રા, ચણાદાળ/ ચણા ૩, ૬૮૬ કિ.ગ્રાનું વિતરણ કરવામાં આવ્યું છે. NFSA PHH નાં કુલ – ૯૨, ૯૫૬ રેશનકાર્ડ ધારકોને જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમને ઘઉં - ૩,૨૫, ૩૪૬૦ કિ.ગ્રા, ચોખા – ૧૩,૯૪,૩૪૦ કિ.ગ્રા, ખાંડ – ૯૨,૯૫૬ કિ.ગ્રા, મીઠું–૯૨,૯૫૬ કિ.ગ્રા, ચણાદાળ/ ચણા – ૪,૬૪, ૭૮૦ કિ.ગ્રાનું વિતરણ કરવામાં આવ્યું છે.

તે ઉપરાંત અંત્યોદયા (AAY) નાં કુલ ૮૩૮૦ રેશનકાર્ડ ધારકોને જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમને ઘઉં ૨,૫૧, ૪૦૦ કિ.ગ્રા, ચોખા ૧,૬૭,૬૦૦ કિ.ગ્રા, ખાંડ ૧૪,૨૪૬ કિ.ગ્રા, મીઠું ૧૨,૫૭૦ કિ.ગ્રા, ચણાદાળ/ ચણા ૬૨,૮૫૦ કિ.ગ્રાનું વિતરણ કરવામાં આવ્યું છે.

# શહેરના સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ શરૂ કરાશે

**અગાઉ કામગીરી શરૂ કરવામાં આવ્યા બાદ લોકડાઉનના લીધે કામ બંધ રહ્યુ હતુ : સરકારી પ્લાન્ટના આધારે બાકીનુ કામ પુર્ણ કરાશે**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી છેલ્લા બે મહીનાથી બંધ છે. જયારે આગામી દિવસોમાં ચોમાસુ શરૂ થયા બાદ પણ રસ્તાના કામો થઈ શકશે નહીં ત્યારે શહેરના નવા સેકટરોમાં અલબત્ત સે- ૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ થયુ નથી ત્યારે ટુંકમાં જ બાકી કામ પુર્ણ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરના સે- ૬ થી ૮ માં અગાઉ આંતરિક રસ્તાઓનુ કામ શરૂ કરાયુ હતુ. પરંતુ કોરાનાના કહેર વચ્ચે માર્ગ સુધારણાની કામગીરી અટવાઈ હતી.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે. કોરોના કહેર વચ્ચે શહેરમાં અનેકવિધ વિકાસ કામોની સાથે માળખાગત સુવિધાના કામો પણ અટવાયા છે. જયારે છેલ્લા બે મહીનાથી સઘળી કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. ત્યારે આ કામો હવે ફરી શરૂ કરવા માટે તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકારી આવાસ યોજનાનુ કામ પણ શરૂ કરવા માટે આયોજન કરાયુ છે. જયારે શહેરમાં અગાઉ હાથ ધરાયેલી માર્ગ સુધારણાની કામગીરી પણ પુર્ણ કરવા માટે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. અગાઉ શહેરના સે-૬ થી ૮માં બાકી રહેતા આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાયુ હતુ. પરંતુ કામગીરી હજુ પુર્ણ થઈ ન હતી ત્યાં કોરોનાનુ સંકટ આવી જતા રસ્તાઓનુ કામ બંધ કરી દેવાયુ હતુ. સરકારી પ્લાન્ટમાંથી આ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે હવે બાકી કામ પુર્ણ કરવા માટે તંત્રએ આયોજન કર્યુ છે.સરકારી પ્લાન્ટના આધારે ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે.

# મહામારી અને મંદીના દોરમાં સેનેટાઇઝર અને માસ્કના ધંધામાં તેજી, હલકી ગુણવત્તાનું બજાર

મહામારી અને મંદીના દોરમાં માત્ર ચાર વ્યવસાયમાં ખૂબ તેજી જોવા મળે છે. આ કંપનીઓ સંકટના સમયમાં કરોડો નહીં પણ અબજો રૂપિયા બનાવશે. પહેલા વ્યવસાયમાં ફાર્મા કંપનીઓ આવે છે. બીજા વ્યવસાયમાં સેનેટાઇઝર બનાવતી કંપનીઓ આવે છે. ત્રીજો વ્યવસાય માસ્ક બનાવવાનો છે અને ચોથો વ્યવસાય ઈમ્યુનિટી બુસ્ટર માટેની ચીજવસ્તુઓ આપતી કંપનીઓ છે. કોરોના સંક્રમણના સમયમાં આ ચાર વ્યવસાયે માર્કેટ પર કબજો જમાવી લીધો છે. માસ્ક અને સેનેટાઇઝરમાં હલકી ગુણવત્તાવાળો માલ બજારમાં ઠલવાયો છે છતાં સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી. કેટલાક રાજકીય નેતાઓ અને તેમના મળતિયાઓ આવી કંપનીઓ શરૂને બેઠાં છે અને લોકોની છેતરીને રૂપિયા બનાવી રહ્યાં છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મતે જે સેનેટાઇઝરમાં ૭૫ ટકા કરતાં વધુ આલ્કોહોલની માત્રા હોય તે કોરોના સામે અસરકારક સાબિત થાય છે આમ છતાં રાજ્યમાં તદ્દન હલકી ગુણવત્તાવાળા સેનેટાઇઝરનો ધીકતો ધંધો ચાલે છે. માસ્કના ઉત્પાદન માટે પણ કંપનીઓ શરૂ થઈ ચૂકી છે. એન-૯૫ માસ્ક એટલી હલકી ગુણવત્તાના હોય છે કે જેનાથી કોરોના સંક્રમણ અટકી શકતું નથી પરંતુ જોખમ વધારે છે. યુઝ એન્ડ થ્રો માસ્કનું બજાર એટલું વિસ્તર્યું છે કે લોકો જ્યાં માસ્ક જુએ છે ત્યાંથી જથ્થાબંધ માત્રામાં ખરીદી કરે છે. લોકો તેની ગુણવત્તા પર ધ્યાન આપતા નથી. હલકી કક્ષાના ઉત્પાદનો કરતી કંપનીઓ પર દરોડા પાડીને સંચાલકો સામે પગલાં લેવા હજી સુધી સરકાર સંવેદનશીલ બની નથી.

**● જેપી નડ્ડાની ભાજપની ટીમ જૂનમાં જાહેર થશે...**

કોરોના સંક્રમણ સમયે ભાજપે હવે પોલિટીકલ એક્ટિવિટી શરૂ કરી છે. સૂત્રો કહે છે કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા આવતા મહિને જૂનમાં તેમની નવી ટીમની ઘોષણા કરશે. ગયા જાન્યુઆરી મહિનામાં જેપી નડ્ડા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા હતા. તેઓ ગુજરાતના કદાવર નેતા અમિત શાહના અનુગામી બન્યા હતા. અમિત શાહ આ પદ પર સાડા પાંચ વર્ષ સુધી રહ્યાં હતા. તેઓ જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી બન્યા ત્યારે તેમણે રાજીનામું આપી દીધું હતું. જગત પ્રસાદ નડ્ડા રાજ્યસભાના સભ્ય છે, તેમણે ૨૦મી જાન્યુઆરીએ ભાજપનું સુપ્રીમ પદ સંભાળ્યું હતું. પટણામાં ૧૯૬૦માં તેમનો જન્મ થયો છે. તેઓ પહેલીવાર ૧૯૯૩માં હિમાચલ પ્રદેશમાં ધારાસભ્ય બન્યા હતા ત્યારબાદ તેઓ રાજ્ય અને કેન્દ્રમાં મંત્રી રહી ચૂક્યાં છે. કેન્દ્રીય ટીમ બન્યા પછી ગુજરાતના નવા પ્રદેશ પ્રમુખ અને તેમની નવી ટીમની ઘોષણા થાય તેવી સંભાવના છે. ગુજરાતમાં હાલ જીતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી ૨૦મી ઓગષ્ટ ૨૦૧૬થી ભાજપના પ્રમુખપદે છે. તેમના પહેલાં હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણી પ્રદેશ પ્રમુખ હતા. ગુજરાતમાં નવા પ્રદેશ પ્રમુખ માટે મોવડીમંડળ દ્વારા આખરી નામની પસંદગી કરી લેવામાં આવી છે. જેપી નડ્ડાની રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતમાંથી કોણ કોણ પસંદ થશે તેની અટકળો તેજ બની છે. સંભવ છે કે ગુજરાતમાં ત્રણ પ્રદેશ નેતાઓનો ટીમમાં સમાવેશ થશે.




**● ઇચ્છાશક્તિ, ધ્યાન અને નિશ્ચય તમને પાસ કરાવશે...**

ગુજરાત કેડરના મહિલા આઈએએસ ઓફિસર અંજુ શર્મા મૂળ જયપુરના વતની છે. હાલ તેઓ હાયર એન્ડ ટેકનિકલ એજ્યુકેશન વિભાગના અગ્રસચિવ તરીકે કામ કરે છે. ધોરણ-૧૦ની પ્રી-બોર્ડ પરીક્ષામાં રસાયણ વિજ્ઞાનમાં તેઓ નાપાસ થયાં હતા. જો તેઓ નાપાસ થયાં ન હોત તો આવનારી તમામ પરીક્ષામાં તેઓ આગળ વધી શક્યાં ન હોત. રસાયણ વિજ્ઞાનમાં નાપાસ થયા પરંતુ યુપીએસસીની પરીક્ષામાં તેઓ સફળ રહ્યાં છે. તેઓ કહે છે કે પરીક્ષાના આગલા દિવસે અભ્યાસ પૂર્ણ કરવાનો હતો પરંતુ મને થતું હતું કે હું રસાયણ વિજ્ઞાનમાં પાસ નહીં થઉં અને પરિણામ પણ એવું આવ્યું આમ છતાં મારી માતા મારી પડખે હતી. તેણીએ કહ્યું કે એસા હો જાતા હૈ, દિલ છોટા મત કરો...અંજુ શર્માના માતા-પિતા માનતા હતા કે બાળકોએ તેમની અસફળતામાંથી શીખ લેવી જોઈએ. બન્ને આ પરિણામથી દુખી ન હતા. તેઓ કહે છે કે-આ ખરાબ અનુભવ પછી મેં નક્કી કર્યું કે જીવનમાં તમામ પરીક્ષા અને સંકટો આવે, હું મારી જાતને પહેલેથી તૈયાર કરીશ. આ મંત્રના આધારે અંજુ શર્માએ જયપુરની રાજસ્થાન વિશ્વવિદ્યાલયમાંથી માત્ર બીએસસી અને એમબીએ જ નહીં કર્યું તેમણે બન્નેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ૧૯૯૧માં જ્યારે તેમણે યુપીએસની પરીક્ષા આપી તે પહેલાં પુરી તૈયારી કરી લીધી હતી. પરીક્ષાના આગલા દિવલે આરામ કર્યો અને ફરવામાં સમય વ્યતિત કર્યો હતો. તેઓ કહે છે કે – મજબૂત ઈચ્છાશક્તિ, ધ્યાન અને દ્રઢ નિશ્ચય હોય તો કોઈપણ પરીક્ષા પાસ કરી શકાય છે. યુપીએસસી પણ એક પરીક્ષા જ છે, આખું જીવન તેની પાછળ લગાવી દેવાની જરૂર નથી. તેઓ કહે છે કે પરીક્ષા સમયે તનાવગ્રસ્ત બાળકો પર કોઈપણ જાતનો બોજ નાંખવો જોઈએ નહીં. પરીક્ષાના પરિણામની પરવા કર્યા વિના બાળકને પ્રેમ કરો. તેની સાથે વાત કરો. તેને સમજો...

## મહિલા IAS અંજુ શર્મા ધોરણ-૧૦ની પ્રિ-બોર્ડ પરીક્ષામાં નાપાસ થયા પછી ટર્નિંગ પોઇન્ટ આવ્યો



**● સૌથી દુખી લોકો લગ્ન ઇચ્છુક યુવક-યુવતીઓ છે...**

ગુજરાતમાં સૌથી દુખી લોકો જો કોઈ હોય તો તે લગ્ન કરવા માગતા યુવક અને યુવતીઓ છે, કારણ કે લગ્ન સમારંભની મજા કોરોના સંક્રમણે બગાડી છે. ૩૧મી મે પછી પણ લગ્ન સમારંભ માટે મૂકવામાં આવેલા નિયંત્રણો દૂર થાય તેવી કોઈ સંભાવના દેખાતી નથી. રાજ્યના જિલ્લા કલેક્ટરોએ જે શરતો મૂકી છે તે પ્રમાણે કોઈપણ લગ્ન શક્ય બને તેમ નથી. પહેલાં તો લગ્ન કરવા માટે કલેક્ટર ઓફિસમાં મામલતદારને જાણ કરીને તેમની પરમિશન લેવાની થાય છે. વર અને કન્યા પક્ષ, ફોટોગ્રાફર અને ગોર મહારાજ મળીને કુલ ૫૦ વ્યક્તિ સમારંભમાં ઉપસ્થિત રહેવા જોઈએ. વર અને કન્યા વચ્ચે એક મીટરનું અંતર પણ જરૂરી છે. આખા વિસ્તારને લગ્ન પહેલાં અને પછી સેનેટાઈઝ કરવો ફરજીયાત છે. કન્ટેનમેન્ટ ઝોનમાંથી કોઈને બોલાવી શકાશે નહીં. જાનનો રૂટ બદલી શકાશે નહીં. તમામ લોકોએ માસ્ક ફરજીયાત પહેરવાના થાય છે. આ લગ્ન પ્રસંગે પોલીસ અને કલેકટરના સ્ટાફમાંથી કોઈ કર્મચારી પણ હાજર રહેશે. બે થી વધુ વાહનો હોવા જોઈએ નહીં. મહત્વની બાબત એવી છે કે લગ્નપ્રસંગે ભોજન સમારંભ પર સંપૂર્ણ પ્રતિબંધ છે, એટલે કે ભૂખ્યાં પેટે લગ્ન કરવા પડે છે. આ સમયમાં ગુજરાતમાં બહું ઓછા લગ્ન થયાં છે, કારણ કે લગ્ન ઈચ્છુક પરિવારોને આ શરતો માન્ય નથી.

**● ગુજરાતના પ્રવાસન સ્થળોએ કોરોનાનું ગ્રહણ...**

ગુજરાતનો ટુરિઝમ ઉદ્યોગ હાલ મરણપથારીએ છે. કોરોના સંક્રમણના કારણે આ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે. માર્ચ થી શરૂ થયેલી પડતીમાં દિવાળી પછી પણ કોઈ રાહત મળે તેવા અણસાર નથી. કોરોના સંક્રમણ વધ્યું તો આ વખતની નવરાત્રીનો ઉત્સવ બંધ કરવો પડે તો નવાઈ પામવા જેવું નહીં હોય. ટુરિઝમ ઉદ્યોગ સાથે સંકળાયેલી હોટલ એન્ડ રેસ્ટોરન્ટ ઈન્ડસ્ટ્રીઝ, ટુર્સ એન્ડ ટ્રાવેલ સર્વિસિઝ અને ટુરિસ્ટ ગાઈડની આવક શૂન્ય છે. ક્રાફ્ટ્સના સ્ટોલ તેમજ સંલગ્ન નાના વેપારીઓની રોજીરોટી છીનવાઈ છે. પ્રવાસન વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે દેશ અને વિદેશના પ્રવાસીઓ તો ઠીક પણ ગુજરાતના ટુરિસ્ટ પ્લેસ પર ગુજરાતી પ્રવાસીઓ પણ લાંબા સમય સુધી આવી શકે તેમ નથી. કેન્દ્ર સરકારના ૨૦ લાખ કરોડના પેકેજમાં ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝને કોઈ નાણાકીય મદદ મળવાની નથી ત્યારે આગામી ત્રણ મહિનામાં લાખો લોકો બેકાર થશે અને વેપારીઓના ઉદ્યોગ-ધંધા ઠપ્પ થવાની દહેશત છે. ટ્રાવેલ સર્વિસ પ્રોવાઈડર્સ તો માને છે કે આગામી એક વર્ષ સુધી આ ઉદ્યોગમાં સંપૂર્ણ રિકવરી નહીં આવે. સીઆઈઆઈના અંદાજ પ્રમાણે દેશમાં કોવિડના કારણે ટૂરિઝમ, હોટેલ, રેસ્ટોરન્ટ, એરલાઈન્સ અને ટ્રાવેલ સર્વિસ ઉદ્યોગમાં ચાર કરોડ લોકો બેરોજગાર થશે, આ આંકડામાં ગુજરાતનો આંકડો ૫૦ લાખ છે. ગુજરાત પ્રવાસન વિભાગના અધિકારી કહે છે કે રાજ્યના પ્રવાસન સ્થળો પૈકી સ્ટેચ્યુ ઓફ યુનિટી જુલાઈ સુધીમાં પ્રવાસીઓ માટે શરૂ થઈ શકે છે પરંતુ રાજ્યના બીજા પ્રવાસન સ્થળો ક્યારે ખુલે તે નક્કી નથી. સરકારને ટુરિસ્ટ પ્લેસની આવક પણ ગુમાવવી પડી રહી છે. કોરોના સંક્રમણ દૂર નહીં થાય તો આ વર્ષે નવરાત્રી અને દિવાળીના તહેવારો પણ બગડે તેવી હાલત છે.

**● શંકરસિંહના દારૂના વિવાદ પછી પણ સરકાર ચૂપ...**

ગુજરાતમાં દારૂબંધીની નીતિના ચિંથરા ઉડાવીને રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજ્યમાં દારૂબંધી ઉઠાવી લેવાની માગણી કરી હોવા છતાં સરકાર ચૂપ છે. બીજી તરફ શંકરસિંહને ફાયદો એવો થયો છે કે યુવાનોએ તેમની પડખે ઉભા રહેવાનું એલાન કર્યું છે. વાઘેલાએ વાસ્તવિકતા પર ધ્યાન કેન્દ્રીત કરીને કહ્યું છે કે રાજ્યના ૨૧ વર્ષ અને તેનાથી મોટા યુવાનોને દારૂ પીવાનો અને માગવાનો અધિકાર મળવો જોઈએ. હું મુખ્યમંત્રી બનીશ તો પહેલું કામ દારૂબંધી ઉઠાવી લેવાનું કામ કરીશ. ગુજરાતમાં ગુંડા ઉભા કરવા કરતાં દારૂબંધીની નીતિને બદલવાની જરૂરિયાત હું ઈચ્છું છું. રાજ્યમાં દારૂબંધીથી બે નંબરની આવક વધારે છે. જે લાયક નથી તે લોકો પાસે રૂપિયા આવે છે અને તેઓ રૂપિયા પચાવી શકતા નથી. તેઓ લુખ્ખાગીરી કરે છે. પોલીસ પણ હપ્તા લઈને દારૂ વેચાણની પ્રવૃત્તિને પ્રોટેક્ટ કરે છે. અહીં બાપુને કહેવાની ઈચ્છા થાય છે કે તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે નશાબંધી વિભાગને પોલીસથી અલગ બનાવીને કડક અમલ કરવાનો નિર્ણય કર્યો હતો. અત્યારે કોરોના સંક્રમણ સમયે શંકરસિંહ વાઘેલાના આવા બયાનથી આશ્ચર્ય થાય છે. પોતે ગુજરાતના રાજકારણમાં હજી સક્રિય છે તેવું બતાવવાનો તેમણે આ પ્રયાસ કર્યો હોવાનું જણાય છે. લોકોના સંવેદનશીલ મુદ્દાને તેમણે ટચ કર્યો છે અને વિવાદ સર્જ્યો છે. વાઘેલાના વિવાદ પછી ગુજરાતમાં વેટગુજરાત૨૦૨૧ ડોટ કોમ નામના પોર્ટલ પર ઓનલાઈન પિટીશનમાં રાજ્યના ૬૭૦૦૦ લોકોએ સહી કરી દારૂબંધી ઉઠાવી લેવાની માગણી સાથે સહમતિ આપી છે. જો કે, કારણ ગમે તે હોય-- આ વેબસાઈટ અત્યારે ઓફલાઈન થઈ ગઈ છે.

## કોરોના સંક્રમણ સમયે ભાજપ ફરી રાજકીય નિર્ણયના રાહ પર, જૂનમાં નડ્ડાની નવી ટીમ જાહેર

## ગુજરાતમાં સૌથી દુઃખી લગ્ન ઇચ્છુક યુવક - યુવતીઓ આકરી શરતો સાથે કદી લગ્ન થાય નહીં